




## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

ખુદાની મને મહેરબાની ઘણી છે
ઘણાની મહોબ્બત અને લાગણી છે
અમસ્તી નથી નામના થઈ અમારી
અમે વાવણી જે કરી, તે લણી છે
બધે પેશ આવ્યા અમે લાગણીથી
અમે લાગણી લોહી સાથે વણી છે
ધરા ધ્રુજશે તોય પડશે નહીં એ
મહોબ્બતની ઊંચી ઈમારત ચણી છે
મને એવા 'આઝાદ' મિત્રો મળ્યા છે
જે મિત્રો નથી કિન્તુ પારસમણી છે

- કુતુબ આઝાદ

### પાથેય

# લાગણીઓનું ટોળું....

આવાસ હંમેશાં સહેવાસ ચાહે છે..એ ભલે નાનકડો હોય..ઘર એ માટીનું હોય કે પાકી ઈમારત એનો પાયો એ સ્નેહ છે..ઉંચી દુકાનનાં સૂકાં પકવાન એમ ઘણીવાર નામ મોટાં અને દર્શન ખોટાં એવા અનુભવ પણ થતા રહે છે..નાનકડું ઘર હોય પણ એ કોલાહલ થકી કિલ્લોલમય બની શકે છે..વિશાળ મહેલોમાં વિષાદ સિવાય કશું હોતું નથી.સામાન્ય રીતે નાનકડા ઘરમાં રહેતો માણસ એનો ઉદારતાને કારણે લોકોના પ્રેમનો મુકામ બની જાય છે..અને એટલે જ એનું નાનકડું આંગણ લાગણીઓના ટોળાથી ઉભરાઈ જાય છે.

પરિચિતોથી ઘેરાયેલો માણસ બધાનો માનીતો હોય એવો સીધો હિસાબ નથી હોતો..આપણને બધા ઓળખે એવું કહેવામાં મોટા ભાગના લોકો ગૌરવ અનુભવતા હોય છે..પંચમાં પૂછાવાની કે સમાજમાં છવાઈ જવાની તાલાવેલી ઘણીવાર આસકિત જેવી બની જાય છે.આપણને સહુ ઓળખે ખરા પણ એ ઓળખ સપાટી ઉપરની હોઈ શકે..માણસની ભીતર જોઈ એના હૈયાને અથવા એના મનને જે પામી શકે એ જ સાચો ઓળખીતો કહેવાય..ચહેરાની ઓળખ તો છેતરામણી હોય છે.

જગતમાં વિષ અને અમૃત સમાંતર મળતાં રહે છે.આ કલ્પના અને વાસ્તવ છેક દેવ અને દાનવોના સમયથી ચાલે છે..તમને ધરેલો ગ્લાસ સ્નેહનો છે મજબૂરીનો છે કે પછી છળકપટનો એ સમજવું મુશ્કેલ હોય છે..માણસ ઘણીવાર છલનાનો શિકાર બની જાય છે.છેક હોઠ સુધી આવી જતું અમૃત છેલ્લે ખબર પડે કે એમાં વિષ ભરેલું હતું..ન જાણ્યું જાનકીનાથે કે સવારે શું થવાનું છે..આપણી આસપાસ અને પીઠ પાછળ અનેક અટપટા ખેલ ભજવાતા રહે છે..માણસ સાચવીને ચાલે તો પણ કોઈકની ઈર્ષાનો શિકાર બનતો રહે છે.

કહેવાય છે કે જ્યાં દવા કામ ના કરે ત્યાં ઘણીવાર દુવા એટલે કે આશીર્વાદ કામ કરી જાય છે. જગતના ઉપચારો સ્વાર્થ આધારિત હોઈ શકે પણ જે લોકો તમને દિલથી ચાહે છે એની એક દુવા આપણું જીવન નવપલ્લવિત કરી નાખતી હોય છે..ઘણીવાર કોઈકની શુભ લાગણી થકી વગર દવાએ ગંભીર દર્દ મટી જાય છે..દુવાઓની આ તાકાત છે.

ભ્રમણાઓ ગજબ હોય છે..આપણા બંધ દરવાજા ઉપર કોણ દસ્તક આપી જાય એ પણ ખબર પડતી નથી..અણધારી મદદ કે અજાણ્યા લોકોનો સહવાસ એ પણ મોટી ઉપલબ્ધિ જેવું હોય છે.આપણે જાગતા હોઈએ ત્યારે જીવન ગતિમય લાગે છે..એ પ્રવાહમાં ઘણું બધું તણાઈ જાય છે..ભુલાઈ જાય છે.પરંતુ નિરાંતે જયારે ઉંઘીએ છીએ ત્યારે ધરબાઈ ગયેલાં સપનાં જાણે જીવંત બની જાય છે..!કવિઓ અને સર્જકોનું વિસ્મય શિશુસહજ હોય છે પણ એમાં જે મર્મ છુપાયેલો હોય છે એ પરિપકવ વિચારી જેવો હોય છે..

# ઓળઘોળ થઈ જવાય એવા વાર્તાકાર..ડો.જયંત ખત્રી

" જિંદગી ફાટેલી આંખો કે ખુલ્લા રહી ગયેલા મોંઢામાંથી ભાગી જતી હોય છે..પણ સાહિત્ય ટૂટનમાંથી,અલગાવમાંથી,કશિશમાંથી કતરા કતરા ટપકતું રહે છે.." ગુજરાતી ભાષા માટે શબ્દોની આ નવી ખુશ્બુ છે..એના લેખક છે ચંદ્રકાંત બક્ષી..એમને કોઈ ગુજરાતી સર્જક ગમતો નહીં..એમનો અણગમો.."મને ફદફદી ગયેલા મુરમુરાના થેલા જેવા ગુજરાતી લેખકો કયારેય ગમ્યા નથી.." ગુજરાતી કવિઓને તો એ લાગ આવે ત્યાં ઠપકારતા..એમના હિરો હતા નર્મદ,મુનશી,અને મેઘાણી..એમને એ આરાધ્ય દેવ માનતા..આવા બક્ષી એક ગુજરાતી લેખક ઉપર ઓળઘોળ હતા..એ લેખકનું નામ છે..ડૉ જયંત ખત્રી..

ગુજરાતી નવલિકા લેખનમાં એ શિર્ષસ્થ સ્થાન ધરાવે છે.એ એમના સમકાલીન લેખક "બકુલેશ" મથી પ્રભાવિત હતા.ઈસવીસન ૧૯૫૨માં "વહેતાં ઝરણાં "નામના વાર્તાસંગ્રહની પ્રસ્તાવનામાં એ લખે છે "જયંત ખત્રી મૂળ સ્વભાવે જ કલાકાર છે.એમનામાં ત્રણ પ્રકારની શક્તિઓ છે :જીવનના પ્રારંભમાં જ તેઓ ચિત્રકાર અને સાહિત્યકાર તરીકે ચમકી રહ્યા. પાછળથી તેઓ ડોક્ટર બન્યા.એ રીતે ચિત્રકાર તરીકે એમની પીંછીએ ઘણા ચમત્કારી અને ઉદામ પ્રયોગો કરી બતાવ્યા છે.અને સાહિત્યકાર તરીકે તેમણે શબ્દોના શસ્ત્રોથી પોતાની નવી જ રચનાઓ તૈયાર કરી વાચકોના દિલનો કબજો લેવામાં સફળતા મેળવી છે.ડોક્ટર તરીકે રોગનિદાન, વાઢકાપ,પૃથક્કરણ કરવાની તેમની ટેવ પણ એમના સાહિત્યસર્જનમાં તેમની પ્રતિભાની દ્યોતક છે.આમ સ્ટેથોસ્કોપ, કલમ,અને પીંછી એ ત્રણ વડે એમના મનની આંખથી,ચિંતન અને ઊર્મિઓના શબ્દરંગોથી એ અદભુત અને જીવનવ્યાપી ચિત્રો નવલિકાઓ સર્જાવી શકે છે"


આ વાતની પ્રતીતિ કરાવે છે "માટીનો ઘડો"નામની વાર્તાનો પ્રારંભ.

"અનંત ધરતી અને એવા જ અસીમ મેદાનો.શ્રાવણ વરસી ગયાને દોઢેક મહિનો વીત્યો હશે.અને આ વાંઝણી ધરતી પર પ્રાણ પાંગરી ઉઠ્યા હતા. નાનું,કૂણું, સ્વચ્છ,ભાગ્યે જ ત્રણ આંગળ ઊંચું ઘાસ ધરતીની કાયા પર ચુંદડી બનીને લપેટાઈ ગયું હતું ચુંદડી જેમ જ વારેવારે લહેરાતું હતું.."આવાં વર્ણનો ભાગ્યે જ કોઈ ગુજરાતી સર્જકના લેખનમાં જોવા મળે.એમની પાત્રસૃષ્ટિ,અનુભવ જગત,અને શબ્દોની પસંદગી એક પોતીકો અનુભવ લઈને આવે છે.




જયંત ખત્રીની વાર્તાસૃષ્ટિ નિરાળી છે.એમની ભાષા,ભાવજગત,પાત્રો, બોલી,પરંપરાગત ગુજરાતી લેખકો કરતાં જુદાં છે.એમની એક વારતા "ખલાસ" અમારે ભણવામાં આવતી.એમાં અનિંદ્રાના દર્દીના મનોજગતનું ગજબ સંવેદન છે.ગુજરાતી સાહિત્યમાં આ વિષય તદન નવો હતો.એનાં વર્ણનો આજે પણ આધુનિક લાગે એવાં જેમકે " શોભા ફેટી છે,એનો વાંસો ભરાવદાર છે."વગેરે..આમ છતાં એ જાણીતા થયા એ વાર્તા નું નામ છે "ધાડ". જેના ઉપરથી બનેલી ગુજરાતી ફિલ્મ.જે ખૂબ જાણીતી બની હતી.પચ્ચીસ પાનાની આ વાર્તા રોમાંચ.સાહસ..અસ્તિત્વ...વાસ્તવ.અને રણપ્રદેશની અનોખી સૃષ્ટિ થકી અદ્ભુત છે..પ્રાણજીવન એકાકી છે..અને ઘેલો જે કથાનું મુખ્ય પાત્ર છે..જે અજાયબ ધાડપાડુ છે..એના ગામની મુલાકાતે ગયેલા પ્રાણજીવનને એ દિલધડક ધાડ માટે સાથે રાખે છે. ઉંટની સવારી. નીરવ રણપ્રદેશની રાત્રી ,કઠોર વાસ્તવ બધું જ આપણા માટે નવું છે..બેકગ્રાઉન્ડમાં ઘેલાની સુંદર પત્નીની સંવેદના પણ વણાઈ છે..કથાપ્રવાહ ગજબ વહે છે..

કચ્છી ધરાનો આગવો મિજાજ ધરાવતા લેખક જયંત ખત્રી વ્યવસાયે ડોક્ટર હતા..એમનો જન્મ ૨૪/૮/૧૯૦૯ મુંદ્રામાં અને દેહવિલય ૬/૬/૧૯૬૮..એ મોટેભાગે મુંબઈમાં રહેલા.એમણે ત્રણેક જેટલા વાર્તાસંગ્રહો આપ્યા છે..એમાં "ખરા બપોર" એ ખુબ જાણીતો સંગ્રહ છે..ડો.જયંત ખત્રીની ભાષા અને ભાવવિશ્વ એ સમયના ગુજરાતી લેખકો કરતાં તદન અલગ હતું..એક નવી સૃષ્ટિનો ઉઘાડ એટલે એમનાં પાત્રો..આજના નવ વાર્તાકારોને પણ વિસ્મય પમાડે એવા વિષયો એમને સહજ હતા..એમની જાણીતી વાર્તાઓ..",ખલાસ" જેમાં અનિંદ્રાના દર્દી એવા નાયકની અદ્ભુત સંવેદના છે..એ સિવાય "માટીનો ઘડો", "નાગ" અને જેના ઉપરથી જબરજસ્ત ગુજરાતી ફિલ્મ બની છે એ વાર્તા "ધાડ"..અને એનું વર્ણન જુઓ.."માણસજાત સમજાવટ કરતાં જુલમને સહેલાઈથી વશ થઈ જાય છે.."એનો નાયક ઘેલો માથાભારે છે..જે ઉંદરને સહેલાઈથી મસળી નાખે છે એમ જ સહજ માણસને બોચીએથી પકડી લે છે..ધાડ પાડવાની એની આગવી કળા છે..



જે વાર્તા ઉપરથી એમના સંગ્રહને નામ મળ્યું છે એ "ખરા બપોર" આપણી ભાષાની એક આગવી કથા છે..કચ્છના રણને અડીને આવેલું એક ધુળગ્રસ્ત ગામ..જેઠની બળબળતી લ્હાય..ચકરભમર ઉડતી ધુળની ડમરીઓ..લેખક ના શબ્દોમાં "બપોરના તાપ નીચે ધરતી તરફડી રહી હતી.."જેના ઘરમાં ગરીબી આંટો લઈ રહી છે.જયાં રોટલાનો એક ટુકડો પણ બચ્યો નથી..પાણીનો એકાદ લોટો એ પણ જયાં મોટી મિલકત છે એવા ઘાસફુસના ખોરડામાં ઓગણીસ વરસની એક સ્ત્રી ખોરાક શોધવા ગયેલા બાવીસેક વરસના એના ભરથારની રાહ જોતી ઉભી છે..અને એ પુરુષ થાકેલો હારેલો હતાશ ખાલી હાથે પાછો આવે છે. કથાનો આવો પરિવેશ ગુજરાતી ભાષા માટે તદન નવો છે. આ વાર્તા ઈ.સ.૧૯૫૫માં લખાયેલી છે..જયારે ઐતિહાસિક કે પ્રેમ કહાણીઓનો જમાનો હતો...

"ખરા બપોર " શિર્ષક એક ઈંગિત પણ છે..વાર્તાનો નાયક અને નાયિકા બંને ભર જુવાનીમાં છે..નાયક ખડતલ કરડાકીવાળો..નાયિકા પણ નમણી ઘાટીલી અને અરમાનોથી ભરપુર છે... લેખક કહી જ દે છે.."એ બેઉ સ્ત્રી પુરૂષોની જુવાનીના ખરા બપોર હતા..પણ છેલ્લા બે મહિનાથી એમને માત્ર એક ટંક ખાવાનું પણ માંડ મળ્યું હતું..ચોતરફ કઢાઈમાં શેકાતા લોટ જેવી ધગધગતી લાલ માટીવાળાં મેદાનો અને વંટોળિયા ઘૂઘવાતા હતા.." તેતર સસલું કે હરણું મારીને ખાઈ જવું એ સહજ હતું..પણ હાલ તો એકાદ ટુકડો કાચું માંસ પણ આ લોકો માટે દુર્લભ ચીજ હતી..

થાકેલા પતિ માટે રાહ જોતી નાયિકાની હાથમાં વાડકમાં ફકત એક તેલભીનો માંસનો ટુકડો હતો..થોડું પાણી હતું. આ વિવશતાને લેખક ગજબ રીતે આલેખે છે. માંસનો ટુકડો ખાઈ નાયક થોડીક શાતા અનુભવે છે..ત્યાં અગ્નિશિખા સરીખી પાતળી નમણા નાક વાળી એ યુવતીનાં અરમાન સળવળી ઉઠે છે..કાળઝાળ નાયક થોડોક રોમેન્ટિક બને ના બને ત્યાં ચોતરફ ઘુમરાતી ભુખની ભૂતાવળ એમને વાસ્તવ ઉપર લાવી દે છે. અદ્ભુત કથારસ વહે છે..લેખક લખે છે "ભૂખમરા પછી પણ એ કમજાત ઓરતની આંખમાં એની જુવાની ભડકે બળતી હતી.."

નાયિકાની અતૃપ્તિ અને નાયકની પેટની ભૂખ અને સ્વમાન સામેનો સંઘર્ષ..ત્યાંજ એક ગરીબ ભૂખ્યો અસહાય ફકીર જેવો માણસ ભીખ માંગતો આવીને ઉભો રહે છે..કરૂણતાની આ પરાકાષ્ઠા છે..નાયક એને ધુત્કારે છે. નાયિકા સંયમ રાખવા કહે છે..પેલો ભિક્ષુક હાડપિંજર જેવા દેહ માટે કશુંક પામવા વિનવે છે. જિદ કરે છે..કંટાળેલો કથાનાયક લાકડીથી એના ઉપર પ્રસાર કરે છે..અને ભૂખથી આમ પણ લગભગ મરી ગયેલો જણ મરી જાય છે..એવો જ ભૂખ પિડિત કથાનાયક પણ અસહાય બની આ ઘટનાથી વધારે કફોડી સ્થિતિમાં મુકાય છે. ખરેખર આ દંપતિનું જીવન પણ ધખધખતા શુષ્ક બપોર જેવું જ હતું..વાર્તા અંત તરફ આગળ વધે છે..લેખક અદ્ભુત રીતે એ આટોપે છે.કથાનો અંત તમે વાંચો એ જ એની મજા છે..ખરા બપોર શિર્ષકની સાર્થકતા વાચકને એક નવી ભાવસૃષ્ટિની સફર કરાવી જાય છે.

# સાપ્તાહિક રાશિફળ (તા.૫-૮-૨૩ થી તા.૧૧-૮-૨૩) સુધી

૧. મેષ રાશિ (અ.લ.ઈ.)

આ સપ્તાહ આપને માસનિક વ્યગ્રતા રહેશે. સ્વાસ્થ્યની દૃષ્ટિએ પણ સાવચેત રહેવું. આહારમાં કાળજી રાખવી. આર્થિક દૃષ્ટિએ ધન પ્રાપ્તિ થાય. સાથે નિરથક વ્યય પણ થાય. મકાન, વાહન, જમીન વગેરે અંગે વિલંબિત કાર્યમાં સફળતા મળે. વ્યવસાય તેમજ નોકરી અંગે અનુકૂળ સમય છે. પ્રેમસંબંધ માટે ઉત્તમ સમય છે. સંતાન સંબંધી ખર્ચ થાય. સ્ત્રીઓ માટે સામાન્ય રહેશે. વિદ્યાર્થી માટે વિદ્યા ક્ષેત્રે ધારી સફળતા મળે. સૂર્ય ઉપાસના કરવી.

૨. વૃષભ રાશિ (બ.વ.ઉ.)

આ અઠવાડિયું સમય અનુકૂળ તેમજ ફળદાયક નીવડે. ઉત્સાહ અને પરાક્રમમાં વધારો થાય. મહત્ત્વ પૂર્ણ કાર્યમાં પ્રગતિ જણાય. મન પ્રફુલ્લિત રહે. ભાઈ-ભાડુંનો સહકાર મળે. વૈભવ સુખમાં વધારો થાય. મકાન, વાહન, જમીન અંગે નવા નિર્ણય લઈ શકાય. જે તમારા માટે હિતકારી સાબિત થાય. રોકાણ કરી શકો. સંતાનના વિદ્યાભ્યાસમાં પ્રગતિ જણાય. પરદેશના અભ્યાસ ક્રમ વિચારણા ફળદાયી નીવડે. શ્રી ગણેશ ઉપાસના કરવી.

૩. મિથુન રાશિ (ક. છ. ઘ.)

આ અઠવાડિયું આપને શુભફળ પ્રાપ્તિ અને સફળતા અપાવે, ઉત્સાહા, પરાક્રમમાં વધારો થાય. ઈચ્છિત પરિણામ પ્રાપ્ત થવાની અનુભૂતિ થાય. પ્રેમ સંબંધ અને પારિવારિક સુખ સંબંધમાં વધારો થાય. નેતત્વનો અવસર મળે. આર્થિક દૃષ્ટિએ રોકાણ કાર્યમાં લાભ જણાય. કૌટુંબિક સહયોગ ભરપૂર મળે. જો કે ભાગ્યોદયમાં ગોકળગતિએ વૃદ્ધિ થતી જણાય. ભાગીદારોથી સાવચેત રહેવું. સ્ત્રીઓ માટે વાદ-વિવાદથી દૂર રહેવું વધુ હિતાવહ જણાશે. જાહેર જીવનમાં જશ ળે. ખર્ચમાં ધ્યાન રાખવું. મકાન, વાહન, મિલકત સંબધી કોઈ પણ નિર્ણય ઉતાવળમાં ન કરવો. ફાયદામાં રહેશો. શનિદેવની પૂજા કરવી.

૪. કર્ક રાશિ (ડ.હ.)

આ સપ્તાહ અગાઉ મુજબ અનુકૂળ સમય પસાર થવું. સુખ-વૈભવમાં વધારો થતો જણાય. સ્વાસ્થ્ય દૃષ્ટિએ ખાસ સમસ્યા જણાતી નથી. જમીન સંબંધી / બાબતે નાણાંકીય આયોજન આવક કરાવે. પોતાની આવકના જોરે આપ મુશ્કેલ ભર્યું કામ પર પાડ પાડી શખો. હાલ યાત્રામાં મુલત્વી રાખવી. મકાન, વાહન, સુખમાં વધારો થાય. પારિવારિક શાંતિ જણાય.નોકરીયા બાબતે ઉપલબ્ધિ હાંસલણ થાય. પરિશ્રમનો વિકલ્પ નથી. એકંદરો સમય સામાનય. આદિત્ય હૃદય સ્ત્રોત કરવા.

૫. સિંહ રાશિ (મ.ટ.)

આ સપ્તાહ આપના ઉત્સાહ પરાક્રમમાં વધારો થાય. પરંતુ સ્વાસ્થ્ય અંગે, સાવચેત રહી પરિશ્રમ કરવો જ લાભપ્રદ રહેશે. પ્રેમ સંબંધ, પારિવારિક સુખની દૃષ્ટિએ સમય મધ્યમ પ્રકારનો પસાર થશે. વાણી અને વ્યવહારમાં સંયમિત બનવું. અન્યથા શાંતિ ભંગ થઈ શકે. આર્થિક દૃષ્ટિએ સપ્તાહ લાભપ્રદ છે. નાણાંકીય રોકાણ ફાયદાકારક નીવડશે. પરાક્રમ અને જુસ્સો વધશે. દાંપત્ય જીવન વિખવાદ યુક્ત પસાર થાય. નાની યાત્રા થાય. ભાગ્યવૃદ્ધિ જણાશે. વ્યવસાયમાં વિચારીને નિર્ણય લેવા. જમીન, મકાનમાં રોકાણ ફાયદાકારક જણાશે. આદિત્ય હૃદય સ્ત્રોત કરવા.

૬. કન્યા રાશિ (પ.ઠ.ણ.)

આ સપ્તાહ આપે આરોગ્ય અંગે ખાસ કાળજી લેવાની રહેશે. આહારમાં ધ્યાન રાખી કાળજી લેવી. પેટના દર્દથી બચવું. આર્થિક દૃષ્ટિએ આકસ્મિક ખર્ચ થતાં આવક વૃદ્ધિ છતાં નાણાંકીય તંગી જણાય. વ્યવસાય દૃષ્ટિએ મિશ્ર ફળ મળતું જણાય. કૌટુંબિક પ્રશ્નનો નિકાલ આવે. પારિવારિક આનંદ ઉમંગનું વાતાવરણ ઊભું થાય. શુભફળ મળતું જણાય. મકાન, વાહન અંગે નવીન કાર્ય ન કરવા. નાની યાત્રા થાય. જળઘાતથી બચવું. દુર્ગા ઉપાસના કરવી.

૭. તુલા રાશિ (ર.ત.)

આ સપ્તાહે આપને આંતરિક - માનસિક અશાંતિ જણાય. આર્થિક દૃષ્ટિએ આવક-જાવક સમાન રહે. ભાગીદારીથી સાવચેતી રાખી નિર્ણય કરવા. સંતાનોના તેમજ પરિવારના સભ્યોને વિદ્યાભ્યાસ ચાલુ હોય તો ભણતરમાં મુસીબત વિઘ્નો ઊભા થાય. શૅરબજારમાં નુકશાન થવા સંભાવના, આપના દ્વારા જાહેર ક્ષેત્રના કામો થાય. સન્માનીય પદ પ્રાપ્ત થાય. સફળતા મળતી જણાય. વ્યવસાયમાં સરકારી યોજના દ્વારા લાભ થાય. જમીન બાબતે લાભ પ્રાપ્તથાય. કૌટુંબિક પ્રશ્નોમાં વિખવાદ જણાય. ગાયને ઘાસ ખવડાવવું.

૮. વૃશ્ચિક રાશિ (ન.ય.)

આ સપ્તાહ આપની તંદુરસ્તી સારી રહેશે. આર્થિક રીતે વ્યવસાયમાં આપ ફાયદો થાય તેવા નિર્ણણ લઈ શકો. સફળતા સારી મળે. મહત્ત્વના કામો થાય. પરંતુ માનહાનિના યોગ બને. ભાઈભાંડુનું વર્તન વિચિત્ર જણાય. આપે મકાન, વાહન, જમીન અંગે, નવા નિર્ણય ન લેવા. શૅરસટ્ટાથી લાભ. સંતાન અંગે પ્રશ્નો ઊભા થાય. વિદ્યાભ્યાસમાં અડચણ ઊભી થાય. જો કે શૈક્ષણિક લોન અંગેના કામ થાય. ગણેશ અર્થવશીર્ષના પાઠ કરવા.




૯. ધન રાશિ (ભ.ધ.ફ.થ.)

આ અઠવાડિયામાં શારીરિક માનસિક સ્થિતિ સારી રહે. જો કે કૌટુંબિક સાથ સહકાર ન મળે. એકલા જા ને રે જેવી સ્થિતિ થાય. પરાક્રમમાં ઘટાડો થાય. માતાના આર્શિવાદ મળે. શેરસટ્ટામાં નવું રોકાણ ન કરવું. સંતાન અંગેના પ્રશ્ન ગુંચવાય. કાયદાકીય પ્રશ્નો ઉભા થાય. ધર્મ કાર્યમાં ખર્ચ થાય. શેર સટ્ટામાં રોકાણકરી શકાય. લાંબા ગાળે ફાયદો થાય. શરદી, ઉધરસ જેવી બિમારી આવે. દાંપત્ય જીવનમાં આનંદ જણાય. નાની યાત્રા થાય. અકસ્માતથી બચવું. શિવ ઉપાસના કરવી.

૧૦. મકર રાશિ (ખ.જ.)

આ સપ્તાહ આપને માનસિક ચિંતા અને દુઃખ રહે. લક્ષ્મી પ્રાપ્તિમાં વિલંબ થાય. સારા કાર્યોમાં નિષ્ફળતા મળે. જેથી હૃદયની અશાંતિ જણાય. ભાગ્યોદય થાય. ખર્ચનું પલ્લું નમતું રહે. કૌટુંબિક વિખવાદ થાય. ભાઈ-ભાંડુનો સહકાર પ્રાપ્ત થાય. સાથે સાથે પારિવારિક પ્રશ્નો ઉભા થાય. મકાન અંગેની પડતર કાર્યવાહીનો નિકાલ આવે. માતાની સેવા કરવી. સંસાર જીવનમાં આનંદ પૂર્ણ વાતાવરણ ઊભું થાય. હનુમાનજીની ઉપાસના કરવી.

૧૧. કુંભ રાશિ (ગ.શ.સ.ષ)

આ સપ્તાહ પણ આપને શારીરિક - માનસિક વ્યગ્રતા રહે. આરોગ્યની કાળજી લેવી. આર્થિક ક્ષેત્રે આવકનું પલ્લું ભારે રહેશે. કૌટુંબિક ક્ષેત્રે ભાઈ-ભાંડુનો મિશ્ર સહકાર પ્રાપ્ત થાય. આપના પરાક્રમમાં વધારો થાય. દૃઢનિશ્ચય કરી આગળ વધવું. સફળતા ભલે વિલંબથી મળે. જમીન, મકાન, વાહનસુખ પ્રાપ્ત થાય. નાણાંકીય આયોજન સારું. લોન-કરજ મળે. મોસાળથી લાભ પ્રાપ્ત થાય. વ્યવસાયની દૃષ્ટિએ ફળ પ્રાપ્તિ ત્યારે થાય જયારે અથાગ મહેનત કરો. વ્યવસાયમાં નવા નિર્ણય લઈ શકો.

૧૨. મીન રાશિ. (દ.ચ.ઝ, થ.)

આ સપ્તાહ આપ માનસિક શાંતિ અનુભવી શકો. શારીરિક તંદુરસ્તી સારી રહે જેથી નવા જોમ-જુસ્સાથી આગળ વધી શકો. આવકના પ્રશ્નો ઉપસ્થિત થાય. ખર્ચનું પ્રમાણ વધે. ભાઈ-ભાંડુ તેમજ કૌટુંબિક સહકાર પ્રાપ્ત થાય. સંતાનો પ્રશ્નોનું નિરાકરણ આવે. લોન-કરજ પ્રાપ્ત કરી શકો. ધંધા-વ્યવસાયમં આપ નવા સોદા કરી શકો. મકાન વાહન તેમજ સ્થાયી સંપત્તિમાં વધારો વિચારીને રોકાણ કરી શકો. સરસ્વતી ઉપાસના કરવી.

### સપ્તાહના તહેવાર - પંચાગ

તા. ૮-૦૮-૨૩ કાલાષ્ટમી
ગોચર ગ્રહ - શુક્ર વક્રી કર્કમાં, શનિ વક્રી કુભમાં

# પ્રશ્ન અને તેનો ત્વરિત જવાબ દુહા સ્વરૂપે આપતા - આણંદ અને કરમાણંદ

દુહો લોક સાહિત્યનું લોકપ્રિય સ્વરૂપ છે. જેમાં સામાન્ય રીતે માત્ર એક કે બે લિટીમાં માણસ, પશુ-પ્રાણી, શસ્ત્ર, ઋતુ કે જીવનનો મર્મ સમજાવે છે. દુહામાં મોટે ભાગે ઈતિહાસ, ઉપદેશ, કથાઓ, વિરતા, વૈરાગ્ય, વીરરસ, ની વાતો હોય છે. શાસ્ત્રોમાં દુહાને દસમો વેદ કીધો છે., જેમાં હૃદયની ભાવનાઓ વ્યક્ત કરવામાં આવે છે. ચારણોની મિશણ શાખ (અટક)માં સોલંકી યુગના સમયમાં ખ્યાતનામ કવિઓ આણંદ અને કરમાણંદ થઈ ગયા. ઈતિહાસકારોના મતાનુસાર તેમનો સંબંધ કાકા-ભત્રીજો તો કોઈ બાપ-બેટાનો તો કોઈ મામા-ભાણેજ કહે છે.પણ બન્ને કવિઓ અને એમના ઉપદેશાત્મક દુહાઓનો આજે પણ લોક સાહિત્યકારો તેમના કાર્યક્રમમાં ઉલ્લેખ કરે છે. પાટણ સોલંકી રાજાઓના તેઓ રાજ કવિ હતા. એમનાં દુહાઓની કદર રૂપે સિદ્ધરાજ જયસિંહે મમ્માણ ગામ આણંદ અને કરમાણંદ મિશણને ભેટ આપેલ. આ જોડીએ સંસારના સ્વાનુભવથી બે બે લિટીના પ્રશ્નાવલી અને તેના ઉત્તર આપતા શીઘ્ર દુહા રચ્યા. એની વિશેષતા એ હતી કે પહેલી લીટી આણંદ પ્રશ્નના સ્વરૂપમાં રચે અને બીજી લીટીમાં કરમાણંદ તેનો તુરંત જવાબ આપે અને આ જવાબ પણ દ્રષ્ટાંત સહિતનો હોય.

આણંદ કરમાણદાને પૂછે છે કે માણસ માણસમાં કેટલો ફેર હોય છે ત્યારે જવાબમાં કરમાણંદ કહે છે કે એક પ્રકારનો માણસ લાખ રૂપિયા ખર્ચતાં પણ ન મળે અને બીજા પ્રકારના માણસ એક ટકાના તેર મળે મતલબ કે મફતમાં મળે. 'આણંદ કહે કરમાણદા, માણસે માણસે ફેર; એક લાખો દેતા ન મળે, એક તાંબિયાને તેર.

આણંદ કહે કરમાણદા,માણસે માણસે ફેર; એક બોલે તે મીઠું લાગે, એક કડવું ઝેર.

આણંદ કહે કરમાણદા,માણસે માણસે ફેર; એક ગામ ઉજડ કરે, ને એક વસાવે શહેર.

આણંદ કહે કરમાણદા,માણસે માણસે રાળા; એક એક સારું મરી પડે, એક ભરાવે ઉચાળા.

આણંદ કહે કરમાણદા,માણસે માણસે ફેર; એક આપે સદાવત, એક માંગે ઘેર ઘેર.

આણંદ કહે કરમાણદા,માણસે માણસે ફેર; એક લઈને પાછા આપે, એક કરાવે ઝેર.

આણંદ કહે કરમાણદા,માણસે માણસે ફેર; એક કરાવે સમાધાન, એક કરાવે વેર

આણંદ કહે કરમાણદા,માણસે માણસે ફેર; એક લીલા લેર કરાવે, એક મરાવે ઠેર.'

માણસ વિશેના એમના આ દુહાઓમાં માણસે માણસેમાં કેટકેટલો ફેર હોય છે, તેની હાજરી-ગેરહાજરીનું શું મહત્વ હોય છે, તેની બોલી, લાગણી, સ્વભાવ, વર્તનની અસરો ઘર કે સંસારમાં કેવી પડી શકે તેનું બે બે લિટીમાં ખુબ જ માર્મિક વર્ણન કરેલ છે.

તેઓ કહે છે કેઃ મોટા માણસો પાસે કામ વગર ન જાવું, કેમ કે કાં તો કામ કરાવી કરાવી ને તોડાવી નાખે-ઠુંસ કાઢી નાખે અથવા આપણને ખોટું લાગે તેવાં કડવાં વચન સંભળાવે

'આણંદ કહે કરમાણદા, મોટામાં જાવું થોડું; કામ કરાવે ઠુસ કઢાવે, કાં તો કહેશે ઓડું.'

સગા અને સંપ એ બંન્નેમાં મહત્વ કોનું વધારે છે અને જ્યારે ભાઈઓમાં, સગાઓમાં, કુટુંબમાં, નાતમાં સંપ ન હોય ત્યારે કેવી પરિસ્થિતિ ઉભી થાય છે તેની વાત કરતાં આ કવિઓ કહે છે કે સગા તો સારા હોવા જરૂરી પણ એનાથી સંપ વધુ જરૂરી છે. એનું ઉદાહરણ આપતાં કરમાણંદ કહે છે કે: ' કાળમિંઢ પથ્થરને ઘણ મારવાથી પણ અલગ ન કરી શકાય પણ જ્યારે આ કાળમિંઢ પથ્થરમાં તિરાડ પડે, તેમાં ધુળ ભરાય અને જ્યારે ચોમાસામાં વરસાદ પડે ત્યારે લાપડા નામની વનસ્પતિ જે તુચ્છ ગણાય છે તે ઉગી નિકળે છે. આમ, જ્યારે ભાઈઓ, કુંટુંબમાં પણ વિખવાદ રૂપી તડ પડે છે ત્યારે આવા લાપડા પ્રકારના માણસો મજા કરતા હોય છે. આ લાપડાઓનું એક કામ હોય છે તે આ તિરાડને મોટી કેમ કરવી !.




'આણંદ કહે કરમાણદા, સગા હારા કે સંપ. છિપર ફટી અને દ્રંગ હુઓ, પછી લાપડીયા દ્રમ કન.'

આણંદ કહે છે કે પુરુષના જીવનમાં ગુણિયણ સ્ત્રીના જેવી બીજી એકે સંપતિ નથી એમ કેમ? તેના પ્રત્યુતરમાં કરમાણંદ જણાવે છે કે , રસોઈ કરીને જમાડે, રતન જણે, અને બને તો સતી થઈને સાથે આવે.

'કરમાણંદ આણંદ કહઈ, અસ્ત્રી સમી ન આથિ; રસોઈ નિપાયે, રતન જણે, સકિં કઈ આવઈ સાથિ.'

દુહો લોકમુખે અમર બનેલો તેમનો એક અમર દુહો:

આણંદ કહે કરમાણંદા ગુણ કર્યા ક્યાં જાઈ; સાવજ પડ્યો અઝાડીએ, કાઢે તેને ખાય.

(કૂવામાં પડેલો સિંહ તેને બહાર કાઢનારને જ ફાડી ખાય. માટે કુમાણસ પર ઉપકાર ન કરવો.)

સમાજના દરેક પાસાને આવરી લેતા તેમના દુહાઓ સામાન્ય માણસને સમજાય છે જેમકે:

'આણંદ કહે કરમાણદા, જોઈને પગલું ભરવું; નહીં તો મૂડી ખોઈ ગાંઠની, મોત વિના મરવું.'

'આણંદ કહે કરમાણદા, શેર ને માથે સવાશેર; રાવણ લાવ્યો સીતાને, તો રામે માર્યો ઠેર.'

'આણંદ કહે કરમાણદા, બાયુથી છેટા રહીયે; કાં તો કે'શે વંઠી ગીયો, નકર નમાલા ઠરીએ.'

(મો.) ૯૪૨૮૨૦૧૯૦૩૧